ગાંધીનગર સમાચાર

વાઇબ્રન્ટ પુર્વે સફાઇ માટે લાખોનો ખર્ચ
પણ સેક્ટરોમાં ઝાડી ઝાંખરા યથાવત

# અપ્રમાણસર મિલ્કત ધરાવતા સરકારી બાબુઓ એસીબીના સકંજામાં

**એસીબીની ટીમોએ ગાંધીનગરમાં એક પટાવાળા અને એક વર્ગ-૨ અધિકારીને ત્યાં પણ દરોડો પાડી કરોડોની અપ્રમાણસર મિલ્કત અંગે તપાસ શરૂ કરી : હાઈફાઈ લાઈફ સ્ટાઈલથી પટાવાળા એસીબીની ઝડપે ચઢ્યા**

ગાંધીનગર, તા. ૨૧

એન્ટી કરપ્શન બ્યુરોની વિવિધ ટીમોએ આજે સાબરકાંઠા, રાજકોટ અને ગાંધીનગરમાં અલગ અલગ પાંચ સરકારી બાબુઓને ત્યાં દરોડા પાડ્યા હતા. એસીબીની ઝપટમાં આવેલા ગાંધીનગરના બે સરકારી બાબુઓમાં એક ગુજરાત પેટ્રોલીયમ કોર્પોરેશનના વર્ગ-૨ અધિકારી ભરતગીરી બાબુગીરી ગોસ્વામી અને બીજા ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લી.માં ફરજ બજાવતા પટાવાળા હસમુખાઈ રતીલાલ રાવલ હોવાનું બહાર આવ્યું છે. ભરતગીરી વિરૂદ્ધમાં અરજી મળી હતી જ્યારે હસમુખ રાવલના પરિવારની હાઈફાઈ લાઈફ સ્ટાઈલે એસીબીનું ધ્યાન આકર્ષીત કર્યુ હોવાનું ધ્યાને આવ્યું છે. બન્ને પાસે કરોડોની અપ્રમાણસર મિલ્કત મળી હોવાનું જણાતા એસીબીએ વધુ તપાસ શરૂ કરી છે.

એસીબીની ટીમોએ ગુજરાત પેટ્રોલીયમ કોર્પોરેશન ગાંધીનગર ખાતેની ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગમાં વર્ગ-૨ એચ.આર. તરીકે ફરજ બજાવતા ભરતગીરી બબુગીરી ગોસ્વામીને ત્યાં દરોડો પાડ્યો હતો. ભરતગીરી વિરૂદ્ધ મળેલ અરજીને આધારે એસીબીની ટીમે દરોડો પાડી તપાસ શરૂ કરતા રૂ. ૧૧.૫૭ કરોડની અપ્રમામસર મિલ્કત મળતા તે મિલ્કતો અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. તે ઉપરાંત ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લી. ગાંધીનગરના નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં વર્ગ-૪ પટાવાળા તરીકે ફરજ બજાવતા હસમુખભાઈ રતીલાલ રાવલને ત્યાં પણ તેમની તથા તેમના પરિવારજનોની રહેણીકહેણી જોઈને એસીબીએ સંકા જતા દરોડો પાડી તપાસ શરૂ કરી છે. હસમુખભાઈની રૂ. ૧.૧૮ કરોડની અપ્રમાણસર મિલ્કત હોવાનું બહાર આવતા એસીબીએ ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત માહિતી મુજબ પટાવાળા હસમુખભાઈ રાવલના પત્નિ ઈન્દુબેન કોંગ્રેસમાં સક્રિય છે. ઈન્દુબેન રાવલ તાલુકા પંચાયતના પૂર્વપ્રમુખ છે જ્યારે હાલ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના કો. ઓપ્ટ. સભ્ય છે.

### હસમુખભાઈ રતીલાલ રાવલની પ્રોપર્ટી

બી-૧૪, ગ્રીનપાર્ક સોસાયટી, સેક્ટર-૨૬, ગાંધીનગર મકાનનો પ્લોટ
અંબિકા એપાર્ટમેન્ટ ફ્લેટ નં. ૧૫, સેક્ટર-૨૪, ગાંધીનગર
ઈસનપુર મોટા ગામમાં જમીન ● ચિલોડાની સીમમાં બે જમીનો
ધોળાકુવા ગામમાં આવેલ રાધે સ્કવેરના બીજા માળે ઓફીસ નં. ૨૪૬
પેથાપુર ગામમાં આવેલ રિદ્ધિ-સિદ્ધી એપાર્ટમેન્ટ, બ્લોક નં. 'બ' ચોથામાળના બ્લોક નં. ૪૦૨

### ભરતગીરી બબુગીરી ગોસ્વામીની મિલ્કતો

ગાંધીનગર સેક્ટર-૩૦, અક્ષર એપાર્ટમેન્ટ ફ્લેટ નં. એફ/૩, પ્લોટ નં. ૪૦૭
કોબા કણ્વ કો.ઓ.હા.સો.લી. સબ પ્લોટ નં. ૨૩ ખુલ્લો પ્લોટ
ગાંધીનગર-આલમપુરમાં ખેતીની જમીન
પેથાપુર ખાતે ખેતીની સાત અલગ અલગ જમીનો
ગાંધીનગર સેક્ટર-૧, પ્લોટ નં. ૪૮૫/એ, બાંધકામ વાળી મિલકત

## ૨૪મીએ બેટી બચાવો અભિયાનની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૨૧

૨૪મી જાન્યુઆરીએ જિલ્લાતંત્ર દ્વારા બેટી બચાવો અભિયાનની "નેશનલ ગર્લ્સ ચાઈલ્ડ ડે" અંતર્ગત વિશેષ ઉજવણી કરવામાં આવશે. જિલ્લાતંત્ર દ્વારા આ ઉજવણી ગાંધીનગર મેડીકલ કોલેજના ઓડિટોરિયમમાં કરવામાં આવનાર છે. જિલ્લાના પ્રભારી રાજ્યમંત્રી ડૉ. નિર્મલા વાધવાણીના અધ્યક્ષપદે યોજાનાર આ સમારોહમાં જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, ગાંધીનગર મેયર પ્રવિણભાઈ પટેલ, મહિલા બાળ વિકાસ વિભાગના અધિકારી અનુપમ આનંદ તથા ધારાસભ્ય અશોક પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેનાર છે.

આ ઉજવણી દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમ ઉપરાંત તેજસ્વી અને પ્રતિભાવંત દિકરીઓનું સન્માન કરવામાં આવશે. મહિલા સુરક્ષા સેતુ દ્વારા પણ વિશેષ પ્રસ્તુતિ કરવામાં આવનાર છે. નવજાત બાળકી શિશુના માતા-પિતાનું સન્માન કરી તેમને એક વિશેષ કીટ પણ મહેમાનોના હસ્તે એનાયત કરવામાં આવશે.




જલીકટ્ટુ મામલે હજારો નાગરિકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. તમિલનાડુમાં ભારે હોબાળો મચી ગયો હતો. દક્ષિણ ભારતના સુપરસ્ટાર પણ આ મામલે વિરોધમાં જોડાયા હતા. જયારે શનિવારે નગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે આજે તમિલનાડુથી આવેલા નાગરિકોએ હાથમાં બેનર્સ રાખી દેખાવો કર્યા હતા. એક દિવસની ભુખ હડતાલ પણ કરી હતી. જો કે દિવસના અંતે આ મામલે જલીકટ્ટુના ખેલને બચાવવાની તરફેણમાં નિર્ણય આવતા સમર્થકોમાં પણ આનંદની લાગણી વ્યાપી હતી.

# જિલ્લામાં ૨૬મીએ ખાસ ગ્રામસભાઓ

**આગામી ૧૫ વર્ષ માટે પાંચ ક્ષેત્રો પૈકી વિકાસનું વિઝન ડોક્યુમેન્ટ ગ્રામ સભાઓ દ્વારા તૈયાર કરાશે : જિલ્લામાં અભિયાન માટે ૬૦થી વધુ લાયઝન અધિકારીઓ નિયુક્ત કરાયા; આ અધિકારીઓ એક પાનામાં થયેલ ચર્ચા અને અભિપ્રાય સાથે વિઝન ડોક્યુમેન્ટ અને અહેવાલ કલેક્ટરને સુપ્રત કરશે**

ગાંધીનગર, તા. ૨૧

આગામી ૨૬મી જાન્યુઆરીએ ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આગામી ૧૫ વર્ષનું વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવશે.

ભારત સરકારના પંચાયત મંત્રાલય દ્વારા આ વિશેષ ગ્રામસભાનું આયોજન કરવાની સૂચના આપવામાં આવી છે. આખા દેશના તમામ ગામોમાં આ વિશેષ ગ્રામસભા ૨૬મી જાન્યુઆરીએ થશે.

મળતી વિગતો મુજબ દેશના સંતુલિત વિકાસની રૂપરેખા તૈયાર થઈ શકે તે હેતુથી આ વિશેષ ગ્રામસભા યોજવામાં આવનાર છે. જેમાં પાંચ ક્ષેત્રો નિયત કરવામાં આવ્યા છે. આ પાંચ ક્ષેત્રો પૈકી કોઈપણ એક ક્ષેત્રમાં વિકાસનું વિઝન રજુ કરવામાં આવશે.

જે પાંચ ક્ષેત્રો દર્શાવવામાં આવ્યા છે તેમાં ખેતી વિકાસ, શિક્ષણ, રોજગાર નિર્માણ, આરોગ્ય અને શહેરીકરણનો સમાવેશ થાય છે. આ વિઝન ડોક્યુમેન્ટ ગામના વિકાસની દિશા નક્કી કરશે.

આ વિશેષ ગ્રામસભામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓની યાદીમાં સુધારા-વધારા કરી મંજૂરી મેળવવાની રહેશે. આ ઉપરાંત બેટી બચાવ અંગેનો વિશેષ ઠરાવ પણ મંજૂર કરવાનો રહેશે.

આ ઉપરાંત ૧૪મા નાણાંપંચ અંતર્ગત વિલેજ ડેવલપમેન્ટ પ્લાન જે દરેક ગામે તૈયાર કર્યા છે તેમાં પણ સુધારા-વધારા અને ચર્ચા-વિચારણા કરી દાખલ કરી શકાશે.

જિલ્લામાં આ વિશેષ ગ્રામસભાનું આયોજનને અંતિમ રૂપ અપાઈ રહ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# વાઈબ્રન્ટ પુર્વે સફાઈ માટે લાખોનો ખર્ચ પણ સેકટરોમાં ઝાડી-ઝાંખરા યથાવત

**મુખ્ય માર્ગો આસપાસ સફાઇ કરી કામ આટોપી લેવાયુ : સેક્ટરોમાં સ્થિત યથાવત**

ગાંધીનગર તા ૨૧

વાઈબ્રન્ટ પુર્વે શહેરમાં મુખ્ય માર્ગોની આસપાસ તેમજ સેકટરોમાં ઉગી નિકળેલા ઝાડી ઝાંખરા દુર કરવા માટે વિવિધ એજન્સીને કામ સોંપવામાં આવ્યુ હતુ. પરંતુ મુખ્યમાર્ગો સિવાય સેકટરોના અન્ય વિસ્તારમાં કોઇ ઠેકાણે હજુ સફાઇ થઇ નથી. આવા સંજોગોમાં જંગલ કટીંગની આ સફાઇલક્ષી કામગીરીને અનુલક્ષીને કામમાં પુર્ણતા જળવાઇ નથી. જેના પરિણામે સેકટરોમાં લાખોના ખર્ચ બાદ પણ યથાવત સ્થિતિ જોવા મળી રહી છે.

શહેરમાં વાઈબ્રન્ટ પુર્વે સફાઈ સહીત વિવિધ કામગીરી માટેના કામો હાથ ધરાયા હતા. જેમાં માર્ગોની સુધારણા તેમજ બ્યુટીફિકેશનની સાથે શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ સ્થિત વિસ્તારમાં ઉગી નિકળેલા ઝાડી ઝાંખરાની સફાઇ કરવા માટે સેકટર મુજબ ટેન્ડર પ્રક્રીય હાથ ધરી વિવિધ એજન્સીને કામ સોંપવામાં આવ્યુ હતુ. પરંતુ આ અન્ય વિસ્તારમાં સફાઈના નામે મીંડુ છે. આ કામગીરી સંદર્ભે વિવિધ એજન્સીને સેકટરમુજબ કામ સોપવામાં આવ્યુ હતુ. જયારે કામગીરીની પુર્ણતાના અભાવ વચ્ચે લાખોના પાણીઢોળ બાદ પણ સેકટરોમાં સફાઇ ન થતા જાડી ઝાંખરા યથાવત જોવા મળી રહ્યા છે. બીજીતરફ એજન્સીઓને બીલોના ચુકવણા કરવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. પાટનગર યોજના વિભાગના વિવિધ ડિવિઝન કક્ષાએથી હાથ ધરાયેલી આ કામગીરી મામલે જવાબદાર અધિકારીઓએ પણ કામની પુર્ણતા સંદર્ભમાં નિરિક્ષણ કર્યુ ન હોવાથી એજન્સીને પણ ફાવતુ મળી ગયુ છે.

કામગીરીના અંતે પણ મોટાભાગના સેકટરોમાં ચિત્ર યથાવત હોવાનુ સ્પષ્ટ થયુ છે. વાઈબ્રન્ટ સમિટ બાદ હાલની સ્થિતિએ પણ સેકટરોમાં ઉગી નિકળેલી બિનજરૂરી વનસ્પતિ યથાવત છે. જયારે જંગલ કટીંગના નામે લાખોનો ખર્ચ કરવામાં આવ્યા બાદ પણ સેકટરોમાં સફાઈના મુદ્દે મીંડુ જોવા મળે છે. વાઈબ્રન્ટને ધ્યાને લઈ શહેરના મુખ્યમાર્ગો આસપાસ જ માંડ ઝાડી જાંખરાની સફાઈ કરવામાં આવી છે. જયારે



સફાઈ અભિયાન - ગાંધીનગરના વિવિધ વિસ્તારોમાં મહાનગરપાલિકાના પ્રજાના પ્રતિનિધિઓ સક્રિય બની પોત-પોતાના વિસ્તારમાં ઝાડી-ઝાંખરા હટાવવાની ઝુંબેશ ચલાવી રહ્યા છે... ઝાડી - ઝાંખરામાં પ્લાસ્ટીક કચરો જમા થતાં ગંદકીના થર જામે છે... અનાયાસે એઠવાડ અને ઘરનો કચરો ફેંકાતા ગંદકી રોગચાળાની જન્મદાતા બને છે... શહેરમાં અનેક સ્થાનો પર ઝાડી - ઝાંખરાઓમાં ગંદકી જામેલી આજે પણ દેખાય છે... કેટલાક નગર સેવકો ગંદકી સામે જાગૃત થતાં મહાનગરપાલિકાના સફાઈ સાધનોના માધ્યમથી ઝાડી-ઝાંખરા અને ગંદકી હટાવવાની કામગીરી કરાવી રહ્યા છે... ઝાડી - ઝાંખરાને કારણે આસપાસની ઝુંપડપટ્ટીવાળાઓ દ્વારા પણ ગંદકી ફેલવવામાં આવતી હોવાની ફરિયાદ પણ વસાહતીઓમાં ઉઠવા પામી હતી. જેના પગલે જે તે વિસ્તારના નગરસેવકોએ આવા ઝાડી-ઝાંખરા દૂર કરાવી વસાહતીઓને ગંદકી અને દુર્ગંધથી રાહત અપાવી હતી.

# આજે કોબા કમલમ્ ખાતે પ્રદેશ ભાજપની કારોબારી બેઠક

**કારોબારીમાં ત્રણ ઠરાવો પસાર કરવામાં આવશે**

અમદાવાદ, તા. ૨૧

ભાજપાના પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, આજ રોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીની અધ્યક્ષતામાં, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા તથા રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રી વી.સતીષની વિશેષ ઉપસ્થિતિમાં આવતીકાલે યોજાનાર પ્રદેશ કારોબારીની તૈયારીના ભાગરૂપે પ્રદેશ હોદ્દેદારઓ, પ્રદેશ મોરચાના પ્રમુખઓ, જીલ્લા મહાનગરના પ્રભારીઓ પ્રમુખઓની ઉપસ્થિતિમાં એક બેઠક યોજાઈ હતી. આજની આ પ્રદેશ બેઠક આવતીકાલે યોજાનારી કારોબારીને આખરી ઓપ આપવા માટે યોજાઈ હતી. આવતીકાલે યોજાનાર કારોબારીમાં પ્રદેશ અધ્યક્ષની અધ્યક્ષતામાં પ્રદેશ હોદ્દેદારો કારોબારી સભ્યોની ઉપસ્થિતિમાં ત્રણ પ્રકારના ઠરાવ કરવામાં આવશે. તેમાં વડાપ્રધાન મોદીની નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી વિજય રૂપાણીની નેતૃત્વવાળી રાજય સરકારની કામગીરી બદલ અભિનંદન ઠરાવ, વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૭ના વધામણામાં રોજગારી અને સર્વાંગી વિકાસલક્ષી સમિટ માટે પ્રસ્તાવ અને એક રાજકીય પ્રસ્તાવ કરવામાં આવશે. આ કારોબારી બેઠકને વી. સતીષ, પરસોત્તમ રૂપાલા માર્ગદર્શન આપશે તથા મુખ્યમંત્રી વિજય રૂપાણી કારોબારી બેઠકના સમાપનસત્રમાં માર્ગદર્શન આપશે. પંડ્યાએ વધુમાં જણાવ્યું હતું કે, આજની બેઠકમાં જિલ્લાના પ્રભારીઓ સાથે ચર્ચા કરતા જિલ્લામાં થયેલ કાર્યક્રમોનું રીપોટીંગ મેળવવામાં આવ્યું હતું અને આગામી સમયમાં થનાર કાર્યક્રમો અંગેની જાણકારી મેળવવામાં આવેલ હતી.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો
અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ
૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફ્લેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com